# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-03-2025** **Morning : 7.10 to 7.20**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , ગુજરાત અને બિહારના સંબંધો આદિકાળથી ઐતિહાસિક રહ્યા છે.**
2. **ચૈત્રી નવરાત્રિ ના પ્રથમ દિવસે રાજ્યના શક્તિપીઠોમાં ભક્તોનું ઘોડાપુર, પાવાગઢમાં વધારાની S.T. બસની વ્યવસ્થા.**
3. **રાજ્યભરમાં આજે ઈદ-ઉલ-ફિત્ર પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી.**
4. **રાજ્યમાં આગામી પાંચ દિવસ ગરમી વધવાની આગાહી.**
5. **રાજ્યનાં સાત વર્ષનાં ચેસ ખેલાડી વાકા લક્ષ્મી પ્રજ્ઞિકાએ સર્બિયાની ચેસ સ્પર્ધામાં વિશ્વ ચેસ વિજેતાનો ખિતાબ જીત્યો.**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM BIHAR SAMMELAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , ગુજરાત અને બિહારના સંબંધ આદિકાળથી ઐતિહાસિક રહ્યા છે. બિહાર બૌદ્ધ ધર્મથી પ્રભાવિત છે તો ગુજરાત બૌદ્ધ પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. અમદાવાદમાં ગઈકાલે બિહાર સ્થાપના દિવસ અને હોળી મિલન મહોત્સવમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી પટેલે ઉમેર્યું , બિહારની નાલંદા અને ગુજરાતની વલ્લભ વિદ્યાપીઠ પ્રાચીન વિશ્વની અજોડ શિક્ષણ સંસ્થાઓ હતી. બંને રાજ્ય ઐતિહાસિક અને રાજકીય ચળવળોના સાથી અને સાક્ષી રહ્યા છે. શ્રી પટેલે પોતાના સંબોધનમાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરના પુનઃનિર્માણનો ઉલ્લેખ કર્યો હતો. દરમિયાન શ્રી પટેલે સૌને ચૈત્રી નવરાત્રિની શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

**(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

બિહારી સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સંતો-મહંતો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

---

# SURAT KHATMUHURT

આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજી હળપતિના હસ્તે ગઈકાલે સુરતમાં 12 માર્ગના કામનું ખાતમુહૂર્ત કરાયું. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ આ કામ માટે 30 કરોડ 25 લાખ રૂપિયા મંજૂર કરાયા છે.

શ્રી હળપતિએ કહ્યું , માંડવીના દરેક ગામમાં વિકાસ કરી રમણીય અને તેને સુવિધાયુક્ત બનાવવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. સરકારે નાનામાં નાના વ્યક્તિને કેન્દ્રમાં રાખીને વિકાસકામની ગતિ તેજ કરી છે. બાકી રહેલા કામ આગામી સમયમાં ઝડપથી પૂર્ણ કરાશે.

---

# CHAITRI NAVRATRI BUS SUVIDHA

ચૈત્રી નવરાત્રિના પ્રારંભથી જ ગઈકાલે યાત્રાધામ પાવાગઢ અને અંબાજીમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. મળતી માહિતી મુજબ , ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતના વિવિધ રાજ્યમાંથી આવતા ભક્તો માટે પાવાગઢમાં મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત મંદિર ખોલવા અને બંધ કરવા તેમજ આરતીના સમયમાં પણ ફેરફાર કરાયો છે.

બીજી તરફ, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ- G.S.R.T.C. દ્વારા ભક્તો માટે 60 નવી બસની વ્યવસ્થા કરવામાં આવી છે. પાવાગઢથી માચી ખાતે આ તમામ બસ 24 કલાક કાર્યરત્ રહેશે. જિલ્લા અધિક કલેક્ટર દ્વારા માચી ખાતે ખાનગી વાહનો લાવવા-લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

---

# SOMNATH PRABHAVOTSV

સોમનાથમાં પ્રભાસપાટણ ખાતે ગઇકાલે પ્રભાસોસ્તવ કાર્યક્રમ યોજા યો. ચૈત્ર સુદ એકમે બાણ વાગતા ભગવાન શ્રીકૃષ્ણનો દેહત્યાગ આ સ્થળે થયો હતો. તેના

ઉપલક્ષ્યમાં આ દિવસે પૂજા અર્ચનાનો કાર્યક્રમ યોજાય છે. આ અંગે શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ માહિતી આપી..

(બાઈટ - વિજયસિંહ ચાવડા)

---

# EID UJAVANI

રાજ્યભરમાં આજે ઈદ-ઉલ-ફિત્ર પર્વની ધામધૂમથી ઉજવણી કરાશે. ગુજરાત ચાંદ કમિટી દ્વારા એક યાદીમાં જણાવાયું કે, માહે ઈદ ઉલ ફિત્રનો ચાંદ દેખાયો છે. એટલે આજે ઈદ પર્વની ઉજવણી કરાશે. મુસ્લિમ સમુદાયના લોકો દ્વારા આજે ઈદની વિશેષ નમાઝ અદા કરાશે.

ઈસ્લામિક કેલેન્ડર પ્રમાણે, શવ્વાલ માસનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે. એટલે મુસ્લિમ સમુદાય દ્વારા રમઝાન માસમાં રોજા અને ઉપવાસ બાદ આજે ઈદની ઉજવણી કરાશે. ઈદની પૂર્વ સંધ્યાએ ગઈકાલે અમદાવાદ સહિત રાજ્યભરની બજારોમાં ખરીદી માટે લોકોની ભીડ જોવા મળી હતી.

---

# SABARKANTHA RAIL

સાબરકાંઠાના હિંમતનગરથી ખેડબ્રહ્મા સુધીની બ્રોડગેજ લાઈનનું કામ 80 ટકા પુર્ણ થતાં ટૂંક સમયમાં ટ્રેન શરૂ થશે. આ ટ્રેનના કારણે યાત્રાધામ અંબાજીના દર્શન કરવા સરળ બનશે. હિંમતનગરથી અમદાવાદ અને ડુંગરપુર ઉદેપુર સુધીની નવી ટ્રેન શરૂ થતાં ભક્તો શામળાજી પણ સરળતાથી પહોંચી શકશે.

આ અંગે સાબરકાંઠાનાં સાંસદ શોભના બારૈયાએ પ્રતિક્રિયા આપી.

**(બાઈટ- શોભનાબેન બારૈયા, સાંસદ, સાબરકાંઠા)**

---

# WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ મહત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી છે. હવામાન ખાતાની યાદી મુજબ , આ દિવસો દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય. જ્યારે આજે પોરબંદરના વિવિધ વિસ્તારમાં ગરમીનું મોજું ફરી વળે તેવી શક્યતા છે.

ગત 24 કલાકમાં સૌથી વધુ 39 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમન સુરેન્દ્રનગર, મહુવા અને કેશોદમાં નોંધાયું છે. જ્યારે અમરેલી , વેરાવળ, દીવ અને સુરતમાં મહત્તમ તાપમાન 38 ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે. આ સિવાયના જિલ્લા અને શહેરોમાં મહત્તમ તાપમાન 34થી 37 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહ્યું હતું.

---

# MAHISAGAR ROBOT

મહીસાગરના લુણાવાડા માં રોબોટિક સર્જરી ઉપલબ્ધ થ ઈ છે. અત્યંત આધુનિક પદ્ધતિથી શસ્ત્રક્રિયા કરતાં રોબોટનું લુણાવાડા ખાતે શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોર અને પૂર્વ મંત્રી નિમિશા સુથારનાં હસ્તે ઉદઘાટન કરાયું. આ રોબટ થકી જોઇન્ટ રિપ્લેસમેન્ટ સરળતાથી થઈ શકશે તેમ શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે જણાવ્યું.

**(BYTE : KUBER DINDOR, EDUCATION MINISTER)**

---

# SURENDRANAGAR SOG KARYVAHI

સુરેન્દ્રનગર SOG પોલીસે મણિપુર અને નાગાલેન્ડમાંથી શંકાસ્પદ રીતે હથિયારના લાયસન્સ મેળવનારા 21 લોકોની અટકાયત કરી છે . તપાસ દરમ્યાન જિલ્લાના 17 લોકો પાસેથી હથિયાર મળી આવ્યા છે. આ અંગે નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક નિકુંજ પટેલે માહિતી આપી..

## બાઈટ નિકુંજ પટેલ DYSP સુરેન્દ્રનગર

---

# SURAT CHESS CHAMPION

રાજ્યનાં સાત વર્ષનાં ચેસ ખેલાડી વાકા લક્ષ્મી પ્રજ્ઞિકાએ વિશ્વ ચેસ વિજેતાનો ખિતાબ જીત્યો છે. આ ખેલાડીએ સર્બિયાના વૃન્જાકા બાન્જા ખાતે યોજાયેલી ફિડે વર્લ્ડ સ્કૂલ્સ ચેસ ચેમ્પિયનશીપ 2025માં અંડર સેવન ગર્લ્સ કેટેગરીમાં આ ખિતાબ જીત્યો છે. સુરતમાં પહેલા ધોરણમાં ભણતાં વાકા લક્ષ્મી પ્રજ્ઞિકાએ આ સ્પર્ધામાં તમામ નવ રાઉન્ડ જીતી લીધાં અને નવ પૉઈન્ટ સાથે ખિતાબ પોતાના નામે કર્યો.

પ્રજ્ઞિકાનાં પિતા વાકા રામનાધે કહ્યું , તેમની મોટી દીકરી વેરણ્યાને ચેસ રમતાં જોઈ પ્રજ્ઞિકાએ પણ ચેસ રમવાનું શરૂ કર્યું હતું. પંદર મહિનામાં ત્રણ વખત આ ખેલાડી સ્ટેટ ચેમ્પિયન પણ રહી ચૂક્યાં છે. તાજેતરમાં જ આંધ્રપ્રદેશમાં રમાયેલી નેશનલ સ્કૂલ ચેસ ચેમ્પિયનશિપ અંડર સેવનમાં ગર્લ્સ કેટેગરીમાં પણ

પ્રજ્ઞિકાએ ત્રીજું સ્થાન મેળવ્યું હતું. ત્યારબાદ ભારતીય ટીમમાં તેમની પસંદગી થઈ હતી.

---

## PORABANDAR – MYANMAR BHUKAMP HELPLINE

મ્યાનમાર અને થાઇલેન્ડમાં ધરતીકંપમાં ફસાયેલા લોકોની જાણકારી માટે પોરબંદર જિલ્લા આપતિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા હેલ્પલાઈન નંબર જાહેર કરાયો છે. લોકોને હેલ્પલાઈન નંબર 0286- 2220800 પર અસરગ્રસ્ત લોકોના નામ અને સરનામા સહિતની વિગત મોકલી આપવા તંત્ર દ્વારા જણાવાયું છે.

---

## IPL

ઈન્ડિયન પ્રિમિયર લીગ - આઇપીએલ T-20 ક્રિકેટમાં, રાજસ્થાન રોયલ્સે ગઈકાલે ચેન્નાઈ સુપર કિંગ્સ-CSKને 6 રનથી હરાવ્યું. 183 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ચેન્નાઈ સુપર કિંગ્સ નિર્ધારિત વીસ ઓવરમાં છ વિકેટ ગુમાવીને 176 રન કરી શકતા તેનો પરાજય થયો હતો.

CSK તરફથી સુકાની ઋતુરાજ ગાયકવાડે 63 રન બનાવ્યા હતા. જ્યારે રાજસ્થાન રોયલ્સ તરફથી વાનિંદુ હસરંગાએ ચાર વિકેટ ઝડપી હતી.

અગાઉ ચેન્નાઈ સુપર કિંગ્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાન રોયલ્સે નિર્ધારિત વીસ ઓવરમાં નવ વિકેટ

**ગુમાવીને 182 રન બનાવ્યા. 36 બોલમાં 10 ચોગ્ગા અને 5 છગ્ગાની મદદથી 81 રન બનાવનારા નિતીશ રાણાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.**

**હવે આજે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સ કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મેચ રમાશે. આ મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.**

---